સાયન્સ સિટી ખાતે જાન્યુઆરીમાં નૉબેલ પ્રાઈઝ સિરીઝ એક્ઝિબિશન યોજાશે

૯મીએ વડાપ્રધાન ઉદ્‌ઘાટન કરશે : નવ નોબલ વિજેતા ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા.૨૫

અમદાવાદમાં ગુજરાત સાયન્સ સિટીમાં આગામી જાન્યુઆરીમાં પાંચ અઠવાડિયા લાંબી નોબેલ

પ્રાઈઝ એક્ઝિબિશન યોજાશે જેનું ઉદ્‌ઘાટન ૯મી જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે.

આ અંગેની વિગતો પત્રકારોને આપતાં રાજયના મુખ્ય સચિવ જે. એન. સિંઘે જણાવ્યું કે ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭માં શ્રેણીબદ્ધ ઈવેન્ટ યોજાશે જે દેશમાં સૌપ્રથમ વખત જોવા મળશે. તેનો ઉદ્દેશ રોકાણકારો સમુદાય માટે વાતાવરણને સક્ષમ બનાવવાનો જ્ઞાનનું વધારે સારી રીતે હસ્તાંતરણ કરવાનો અને વૈશ્વિક રોકાણ માટે અસરકારક સુવિધાઓ ઊભી કરવાનો છે.

તેમણે જણાવ્યું હતું કે પાંચ અઠવાડિયા લાંબા નોબેલ પ્રાઈઝ સિરીઝ એક્ઝિબિશનમાં શ્રેણીબદ્ધ કાર્યક્રમ યોજાશે. જેમાં શાળાના બાળકો કૉલેજના વિદ્યાર્થીઓ, યુવાનો, ઉદ્યોગસાહસિકો અને સંશોધકો માટે સેમિનાર સામેલ છે. આ કાર્યક્રમનું વિશેષ આકર્ષણ અમદાવાદના સાયન્સ સિટીમાં આઈમેક્સમાં વિજ્ઞાન આધારીત ફિલ્મોનું પ્રદર્શન રહેશે.

ભારતમાં પહેલીવાર વિજ્ઞાનના ક્ષેત્રમાં દુનિયાભરમાંથી નોબેલ વિજેતાઓ સાથે સેશન યોજાશે. તેઓ ગુજરાત આવશે. તથા તેમનું કિંમતી જ્ઞાન અને જાણકારી વિદ્યાર્થીઓ અને ઉદ્યોગના આગેવાનો સાથે વહેંચશે. અત્યારે સુધી ૯ નોબેલ વિજેતાઓને નોબેલ ૫ લોરેટ ડાયલોગમાં અને અમદાવાદમાં સાયન્સ સિટીમાં નોબેલ પ્રાઈઝ એક્ઝિબિશનમાં સહભાગી થવાની પુષ્ટિ આપી છે.

તેમણે જણાવ્યું હતું કે ગ્લોબલ સમિટ ૨૦૧૭ દરમિયાન હાજરી આપનાર નોબેલ વિજેતાઓમાં ભારતમાં જન્મેલા અને ગુજરાતમાં શિક્ષણ મેળવેલા છે. વેંકટરામન ક્રિષ્નન, ડૉ. રામક્રિષ્ન અનહદ સામેલ હશે. આ ઉપરાંત નોબેલ વિજેતા ડૉ. રિચાર્ડ જે. રોબોર્ટ્સ, ડૉ. હેલાલ્ડ વર્મુસ, ડૉ. ડેવિડ જે ગ્રોસ, ડૉ. સર્ગે હેરોય, ડૉ. રેન્ડી શેકમેન, ડૉ. ડબલ્યુ ઈ મૂરનર તેમજ પ્રોફેશર ડૉ. એચ. સી હર્ટમુર માઈકલ સામેલ છે.

નોબેલ પ્રાઈઝ સિરીઝ એક્ઝિબિશન સાથે ૧૦ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ મહાત્મા મંદિરમાં નોબેલ લોરેટ ડાયલોગનું આયોજન થયું છે. એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે બે પેનલ ચર્ચા યોજાશે તેમાં એક ચર્ચા સાયન્સ ફોર હ્યુમનકાઈન્ડ પર કેન્દ્રિત હશે.

ડીસા માર્કેટયાર્ડ દ્વારા બાઈવાડાના મૃતક પરિવારને એક લાખની સહાય

ડીસા તાલુકાના બાઈવાડાના રહિશનું અકસ્માતે મોત નિપજતાં ડીસા માર્કેટયાર્ડની અકસ્માત વિમા યોજના અંતર્ગત રવિવારે મૃતકના પરિવારજનોને રૂા.એક લાખની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ઉત્તર ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થા ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા (ડીસા એપીએમસી) ના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા ડીસા શહેર તેમજ સમગ્ર તાલુકાની આમ જનતાને અકસ્માત વિમા યોજના અંતર્ગત આવરી લીધી છે. ત્યારે ડીસા તાલુકાના બાઈવાડા ગામના દેવજીભાઈ ધર્માભાઈ રાઠોડનું અકસ્માતે દુઃખદ અવસાન ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માનવજીભાઈ દેસાઈ દ્વારા અકસ્માત વિમા યોજના અંતર્ગત રૂા. એક લાખની સહાય મંજૂર કરવામાં આવી હતી.

ઠંડીમાં નજીવો ઘટાડો

ઠંડીનો ચમકારો અનુભવ્યા બાદ આજે ઠંડી થોડીક ઘટી હતી. લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું વધતાં ઠંડીમાં રાહત મળી હતી. છેલ્લા ત્રણ ચાર દિવસથી અનુભવાઈ રહેલી તીવ્ર ઠંડીમાં આજે સહેજ ઘટાડો થયો છે. ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૯.૮ ડિ.સે. પહોંચી જતાં વસાહતીઓ ઠંડીમાં ઠુંઠવાયા હતાં. જો કે આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાન બંનેમાં વધારો થતાં ઠંડીમાં થોડીક રાહત મળી હતી. આજે મહત્તમ તાપમાન ૩૧ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. નોંધાયું હતું. અમદાવાદ સહિત રાજ્યભરમાં લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર આશ્ચર્યજનક રીતે વધારો થયો છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં એકાએક નોંધપાત્ર વધારો થયો છે. ગઈકાલે શનિવારના દિવસે પારો ગગડીને ૧૦.૭ સુધી નીચે પહોંચી ગયા બાદ આજે એકાએક તેમાં ઝડપથી વધારો થયો હતો.

મોડાસામાં ખેડૂત ગ્રાહક બજારમાં શહેરીજનો શાકભાજી ખરીદવા ઉમટ્યા

અરવલ્લી જિલ્લામાં શાકભાજી-ફળોના સીધા વેચાણ અર્થે ખેડૂત ગ્રાહક બજારનું નિર્ણાણ કરવામાં આવ્યું છે. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચાર રસ્તા પ્રાથમિક શાળાના મેદાનમાં પાછલા ત્રણ રવિવારથી ભરાતા ખેડૂત ગ્રાહક હજારમાં શરુઆતની નિષ્ફળતા પછી ધીમે ધીમે ખેડૂતો અને ગ્રાહકોને ફાયદારૂપ લાગતા ખેડૂત ગ્રાહક બજાર ઉભરાયા હતા. ત્રીજા ગ્રાહક ખેડૂત બજારમાં મોટી સંખ્યામાં ગૃહિણીઓ સહિત શહેરીજનો અને નાસ્તા, રેસ્ટોરન્ટ, હોટલ સંચાલકો સહિત શાકભાજી ખરીદવા લોકો ઉમટ્યા હતા. ગૃહિણીઓના જણાવ્યા મુજબ ખેડૂત ગ્રાહક બજારમાં ફક્ત ચાર જાતની ફલાવર, કોબીજ, ટામેટા અને રીંગણ પ્રકારની શાકભાજી લઈને ખેડૂતો પહોંચતા વિવિધ પ્રકારની શાકભાજી ખરીદવા પહોંચેલી ગૃહિણીઓને નિરાશ થઈ પરત ફરી હતી. ખેડૂત ગ્રાહક બજારથી ફક્ત ખેડૂતોને ફાયદો થઈ રહ્યો છે. ગૃહિણીઓ કે આમ આદમીને બજારભાવે જ શાકભાજી મળતી હોવાનું ભારપૂર્વક જણાવ્યું હતું.

મોડાસા શહેરમાં યોગ શિબિર યોજાઈ

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરી ઓઘારી માતાના પટાંગણમાં બાબા રામદેવ દ્વારા ટ્રેનિંગ પામેલા શિષ્યો દ્વારા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલી અબાલ વૃદ્ધ, સહિત મહિલાઓએ યોગ શિબિરમાં ભાગ લીધો હતો. યોગ દ્વારા શરીરને નિરોગી બનાવવા સાથી શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે આયુર્વેદિક ઉપચારો જેવા કે આમળા, એલોવેરા, દૂધી સહિત કુટના જ્યુસો દ્વારા શરીરની વિવિધ બિમારીમાં ઉપયોગી બની શકે તેમજ આયુર્વેદિક વનસ્પતિથી ઉપચારો અંગે માર્ગદર્શન આપી નિયમિત યોગ કરવાથી શરીર નીરોગી બને છે. ગંભીર બિમારીઓને પણ યોગ દ્વારા નિર્મુળ કરી શકાય છે તેમ મહંત દ્વારા જણાવાયું હતું.

મહેસાણા જિલ્લાની વહીવટી કચેરી કેશલેસ : મોટી સિદ્ધિ

અમદાવાદ, તા.૨૫

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના દગાવાડીયા ગામે ચૌધરી સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. સમગ્ર ગુજરાતના ચૌધરી સમાજના આગેવાનોની ઉપસ્થિતમાં સ્નેહમિલન કાર્યક્રમ મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, મહેસાણા જિલ્લા વહીવટીતંત્રએ કેશલેસમાં શ્રેષ્ઠ કામગીરી કરી છે. મહેસાણા જિલ્લામાં તમામ વહીવટીતંત્ર અને કચેરીઓ કેશલેસ બની છે. ડિજીટલ ઈન્ડિયા કેશલેસમાં મહેસાણા જિલ્લાએ અગ્રતાપૂર્ણ કામ કર્યું છે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મા અર્બુદાની કૃપાથી ચૌધરી સમાજ સંગઠીત થઈ રહ્યો છે. સમાજે શિક્ષણમાં છેલ્લા દશકામાં અપ્રતિમ પ્રગતિ કરી છે. ચૌધરી સમાજ મહેનતું અને પરિશ્રમી છે. ઉત્તર ગુજરાતની કાયાપલટમાં ચૌધરી સમાજનો વિશેષ ફાળો છે. સહકારી ક્ષેત્રે શ્વેતક્રાંતિ અને કૃષિક્ષેત્રે ડ્રીપ ઈરીગેશનથી પાણી બચાવી મબલખ પાક મેળવી આધુનિક ખેતી તરફ સમાજ અગ્રેસર રહ્યો છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજય સરકારે ખેડુતો માટે વિવિધ સકારાત્મક પગલાં ભર્યા છે. રાજય સરકાર ગામડું, ગરીબ, કિસાનને સમર્પિત છે. રાજય સરકાર ૨૦૦ પ્રજાલક્ષી નિર્ણયો કરી સુશાસન દિશામાં કામ કરી રહી છે. તાજેતરમાં ખેડુતોના ખેતરમાં વીજ થાંભલા, મોટા ટાવર હોય ખેડુતોએ મંજુરી આપી હોય તેવા ખેડુતોએ વીજ જોડાણમાં પ્રાથમિકતા આપવાનો ખેડુતલક્ષી નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ખેતી માટે દશ કલાક વીજળી અને ખેડુતોને એક ટકાના વ્યાજથી ત્રણ લાખની લોન આપી ખેડુતો સમૃદ્ધ થાય તે દિશામાં કામ કર્યું છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, આજે સમગ્ર દેશ અટલ બિહાર બાજપાઈના જન્મ દિવસને સુશાસન દિવસ તરીકે ઉજવી રહ્યો છે. સરકાર યુવાનો કો કામ, કિસાનો કો સહી દામ, મંહેગાઈ પે લગામ અને ભષ્ટાચાર નાબુદ થયા તે દિશામાં સરકાર કામ કરી રહી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, મહેસાણા તંત્ર દ્વારા સો ટકા સરકારી સેવાઓને કેશલેસ કરાઈ છે.

ભિલોડા ખાતે તન્ના પ્રેરણા વિદ્યા મંદિરે છાત્રોના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને દબદબાભેર વાર્ષિકોત્સવની ઉજવણી

ભિલોડા, તા.૨૫

અરવલ્લી જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં ભિલોડા ખાતે સાડા ત્રણ દાયકા પૂર્વે શરૂ થયેલી માતુશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદિરે આજરોજ શ્રીમદ જેશિંગબાપા એજ્યુકેશન કેમ્પસમાં સંસ્થાના વિવિધ પ્રવાહના છાત્રોના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજીને

દબદબાભેર વાર્ષિકોત્સવની ઉમંગે ઉજવણી કરવામાં આવી હતી.છાત્રા-છાત્રોએ પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરીને ઉપસ્થિત મહેમાનોને પણ ડોલાવી દીધા હતા.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની કૃષિ બેન્કના ચેરમેન અને વરિષ્ઠ સહકારી આગેવાન કનુભાઈ પટેલના પ્રમુખપદે યોજાયેલા આ વર્ષીકોત્સવમાં પ્રારંભે આચાર્ય રમણભાઈ પટેલે અને અર્બુદા સેવા સંઘના મંત્રી દામુભાઈ પટેલે સહું મહેમાનોનું ઉષ્માભર્યું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે મહેસાણાના સામાજિક કાર્યકર આર.આર.પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.જ્યારે મુખ્ય મહેમાન પદે ખેડબ્રહ્મા એપીએમસીના ચેરમેન જશુભાઈ પટેલ, ઈડર તાલુકા પંચાયત પ્રમુખ એકતાબેન સુધિરભાઈ પટેલ તેમજ અતિથિ વિશેષ પદે અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ ઉપરાંત સા.કાં.જિલ્લાના પૂર્વ કોંગ્રેસ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ,અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓના આંજણા ચૌધરી સમાજને વધુ સંગઠિત કરવાના શુભાશય સાથે છેલ્લા કેટલાક સમયથી સંગઠનની સક્રિય ભૂમિકા અદા કરી રહેલા મોટા કોટડાના સમાજ ચિંતક કેશુભાઈ પી.પટેલ અને સંસ્થાના ઉપ્રમુખ માધુભાઈ એમ. પટેલ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સુશાસન દિવસ નિમિત્તે રાજય સરકાર દ્વારા અટલ સ્નેહનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૫

પ્રદેશ ભાજપ દ્વારા સુશાસન દિવસ નિમિત્તે જિલ્લા મહાનગરમાં સુશાસન રેલી, સંકલ્પ વાંચન કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા હતા. મંડલ કક્ષાએ સેવા કાર્ય થકી અટલજીને જન્મ દિવસની ભાજપાના કાર્યકર્તાઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ આજે ૨ પમી ડિસેમ્બરના દેશના પૂર્વપ્રધાનમંત્રી અને ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેઈજીને સમગ્ર પ્રદેશ ભાજપ વતી તેમના જન્મદિને શુભેચ્છાઓ પાઠવી તેમના દીર્ઘાયુની પ્રાર્થના કરી હતી.

વાઘાણીએ જણાવ્યું હતું કે વાજપેયીજી મુઠી ઊંચેરા માનવી હતા તેમનું વકતૃત્વ વ્યકિતત્વ અને નેતૃત્વ સૌને માટે આદરપાત્ર અને પ્રિતિપાત્ર હતું તેમન વડાપ્રધાન પદે ચતુર્ભૂજ યોજના નદીઓનું એકત્રીકરણ જેવા મહત્વાકાંક્ષી પ્રકલ્પ ઉપરાંત પોખરણ પરમાણુ પરીક્ષણ થકી ભારતની સંપુર્ણતા સમગ્ર વિશ્વમાં પ્રસ્થાપિત થઈ હતી. ાજય સરકાર દ્વારા આજથી નવજાત શિશુની સારસંભાળ અને ઉપચાર હેતુ અટલ સ્નેહ યોજનાનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે.

હજુ શરૂઆત છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભ્રષ્ટાચાર સામેની લડાઈની હજુ શરૂઆત થઈ છે. આ પૂર્ણ વિરામ નથી. મન કી બાતમાં મોદીએ ફરી એકવાર કેશલેસ ભારત ઉપર ભાર મુક્યો હતો. તેમણે કહ્યું હતું કે કેશલેસ લેવડ દેવડથી દેશને ખુબ ફાયદો થશે. દેશની ભલાઈ માટે જે કઈપણ યોગ્ય છે તે સરકાર કરવા માટે કટિબદ્ધ છે. મોદીએ કહ્યું હતું કે થાકી જવા અથવા તો રોકાઈ જવાનો પ્રશ્ન નથી. ૧૨૫ કરોડ દેશવાસીઓનો સાથ છે ત્યારે રોકાવાનો પ્રશ્ન નથી. પીએમે ક્રિસમસના પ્રસંગે સામાન્ય લોકો અને નાના કારોબારીઓને બે નવી યોજનાની ભેટ આપી હતી. ગ્રાહકો માટે નવી ગ્રાહક યોજના શરૂ કરવામાં આવી છે. જ્યારે વેપારીઓ માટે ડીજી ધન વેપાર યોજના શરૂ કરવામાં આવી છે. કેશલેસ ટ્રાન્જેકશનને પ્રોત્સાહન આપવા માટે આ યોજના હેઠળ લકી ડ્રો મારફતે હજારો લોકોને ઈનામ આપવામાં આવશે.

રશિયન વિમાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

રશિયન સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે ટીયુ-૧૫૪ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ વિમાનમાં ૯૨ યાત્રીઓ હતા. તેમાં ૮૩ યાત્રીઓ અને ૮ ક્રુ મેમ્બર હતા. સોચી એડલર એરપોર્ટથી ઉડાણ ભર્યા બાદ મોસ્કોના સમય મુજબ સવારે ૫.૪૦ વાગે આ વિમાન રડારથી ગાયબ થઈ ગયું હતું. ઉડાણ ભર્યાના ૨૦ મિનિટ બાદથી વિમાન લાપત્તા થઈ ગયું હતું. રશિયન સેનાએ સર્ચ કામગીરી મોડેથી હાથ ધરી હતી. આ વિમાનમાં ૯ પત્રકારો સહિત રશિયન આર્મ ફોર્સના કેટલાક સંગીતકારો પણ હતા. આ લોકો સિરિયાના લટાકીયા સ્થિત રૂસી એરબેઝમાં નવા વર્ષની ઉજવણીના પ્રસંગે એક કોન્સર્ટમાં ભાગ લેવા માટે જઈ રહ્યા હતા.

વિમાન દુર્ઘટના થયાના સમાચાર મળતાની સાથે જ આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. સ્થાનિક સમય મુજબ ૫.૨૦ વાગે વિમાને ઉડાણ ભરી હતી. આ દુર્ઘટનાને રશિયાની મોટી દુર્ઘટના પૈસી એક તરીકે ગણવામાં આવે છે. વિમાન દુર્ઘટનાના કારણોમાં તપાસ ચાલી રહી છે. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટીને પણ આ બનાવ અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

બાજ નજર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાખી તેનું રેકોર્ડીંગ કરવામાં આવતું હોય છે. આ કીંમતી નેત્રનો ઉપયોગ જાન્યુઆરીમાં ગાંધીનગર ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ કક્ષાના વાઈબ્રન્ટ સમિટમાં પણ પોલીસ દ્વારા ઉપયોગ કરવામાં આવનાર છે. પોલીસ વાઈબ્રન્ટ સમિટમાં એરિયલ વિઝન મેળવીને નેત્ર મારફતે શહેરની હિલચાલને કેદ કરી દરેક ગતિવિધિ પર નજર રાખશે. બે નેત્રનો ઉપયોગ વાઈબ્રન્ટ સમિટમાં કરવામાં આવશે. જેમાં એક નેત્ર મહાત્મા મંદિર અને શહેરના ટ્રાફીકના સર્વેલન્સ માટે ઉપયોગમાં લેવાશે જયારે બીજું નેત્ર પ્રધાનમંત્રીના આગમન દરમિયાન એરપોર્ટથી મહાત્મા મંદિર રૂટ પર નજર રાખવા ઉપયોગમાં લેવામાં આવશે. ગુજરાત પોલીસે ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ નેત્રના ઉપયોગ કર્યા હતા તે ઉપરાંત અમદાવાદ રથયાત્રામાં પણ આ નેત્ર સુરક્ષા અને સલામતિ વ્યવસ્થાના હેતુસર ઉપયોગમાં લેવામાં આવે છે.

વૃક્ષો હટાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હટાવવાની કામગીરી હાલ પુરજોશમાં વન વિભાગ દ્વારા જુદી જુદી ટીમો બનાવી અને ચાલી રહી છે. જુના અને સુકા થયેલા વૃક્ષો ૩૫ થી ૪૫ વર્ષની આયુ ધરાવે છે. આ વૃક્ષોમાં પિન્કેશિયો, પેન્ટો, રિન્કેશિયા, લીમડો, સીલ્સ, ગરમાળો અને ક્યાંક બાવળનો પણ સમાવેશ થાય છે.

એક વૃક્ષ દૂર કરવામાં એક કલાકથી ત્રણ કલાક જેટલો સમય જતો હોવાનું પણ જાણવા મળેલ છે.

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રવેશદ્વાર પાસેથી ૪૦ વર્ષની આયુ ધરાવતા સુકા લીમડાના ઝાડને દુર કરવામાં આવ્યુ છે. ગાંધીનગરમાં સુકા થયેલા વૃક્ષો માનવજીવન માટે ખતરારૂપ બનતા તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની વાત પણ વિભાગના સૂત્રો કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં પહેલા રિ ટ્રાન્સપ્લાન્ટ માટેનો નિર્ણય લેવાયો હતો પરંતુ તે માટેના મશીનમાં યાંત્રિક ખામી થતાં તંત્ર પણ મુશ્કેલી અનુભવી રહ્યું છે.

અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

નગરપંચાયતો ગુમાવનાર ભાજપ હવે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં વર્ચસ્વ સ્થાપીને વિધાનસભામાં બહુમતી અંકે કરવા કામે વળ્યો છે. પટેલોની એકતાને તોડવા માટે સામ, દામ, દંડ અને ભેદની અજમાઈશ છતાં અમુકને પડખામાં લેવા જતાં પટેલો અને ઓબીસી તેમજ દલિતોની એકતા મજબૂત બનીને ભાજપને કનડે એવા સંજોગો ઊભા થયા છે. આવા તબક્કે પક્ષના મોવડીમંડળે એ જ નીતિનભાઈને મિશન સોંપ્યું છે. સાથે જ અલ્પેશ ઠાકોર શક્તિ પ્રદર્શન કરી દારૂબંધી સહિતના મુદ્દે સરકારને ઘેરવામાં સફળ રહ્યા છે. આનંદીબહેનથી લઈને વિજયભાઈ લગી અલ્પેશ ઠાકોરની સેનાને પોતાના ભણી વાળવામાં અનુકૂળતા જુએ છે. જોકે અલ્પેશ બેય બાજુથી સમાજના વિશાળ હિતમાં માંગણીઓ મંજૂર કરાવવાની વેતરણમાં છે. આ ત્રિપુટીના ત્રીજા યુવાનેતાનો આક્રોશ ઠારવામાં ભાજપની નેતાગીરી સફળ થતી લાગતી નથી. કોંગ્રેસની નેતાગીરી પણ પક્ષના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ઉત્તર ગુજરાતની મુલાકાત પૂર્વે પટેલ નેતાઓ સાથે ગોઠવણને અંતિમ સ્વરૂપ આપવા પ્રયત્નશીલ હતી. જોકે યુવાત્રિપુટી આવતા દિવસોમાં ૧૭ જાન્યુઆરીએ હાર્દિક પટેલનો ગુજરાતવટો પૂરો થયા પછી ભેગી રહે છે કે એમાં ફાટફૂટ પડાવવામાં સત્તારૂઢો સફળ થાય છે એ ભણી સૌની મીટ ખરી.

હવે ભારતના રાજકીય પક્ષો ગાંધીજીનું નામ ભલે રટતા હોય, પણ સાદગીને તિલાંજલિ આપીને ફાઈવ કે સેવનસ્ટાર કલ્ચરને ગળે લગાવી રહ્યા છે. ગાંધી-સરદાર જેવા વેદિયાઓનો આ જમાનો નથી એવું માનીને જે પાણીએ મગ ચડે એ દિશામાં ગતિ કરવામાં બધા રાજકીયપક્ષો આગળ વધી રહ્યા છે. ભાગ્યે જ કોઈ અપવાદ છે. હમણાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાતના ફેરા વધી ગયા છે. સાથે જ ભાવિ મુખ્યપ્રધાન પદના ઉમેદવાર એવા અમિત શાહ તમામ ગોઠવણો કરી લેવાના પ્રયાસમાં રાષ્ટ્રીય સ્તરની જવાબદારી સાથે જ ગુજરાત ભણી સવિશેષ ધ્યાન આપી રહ્યા છે. બે દિવસની છેલ્લી ચિંતન બેઠક બાવળાની કેન્સવિલા ગોલ્ફ એન્ડ કન્ટ્રી ક્લબમાં યોજીને પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ચટ્ટાઈ અને સાવરણીની સાદીને એમના જ ઊજવણી વર્ષમાં ગોલ્ફ ક્લબના કલ્ચરમાં લાવી મૂકી છે. સરકારી નિર્ણયો અંગે કેવા કેવા પુનર્વિચાર કરવા અને નોટબંધી પ્રકરણને પગલે પક્ષના ટેકેદારોનાં કૌભાંડો બહાર આવ્યાં એટલું જ નહીં,પક્ષના જ સાંસદ ડૉ. સુબ્રમણિયન સ્વામીએ નોટબંધીનો નિર્ણય અગાઉ લિક થઈ ગયાના કરેલા જાહેર ટ્વિટની ચૂંટણીલક્ષી અસરોનું ચિંતન પણ કરવામાં આવ્યું. હજુ વધુ ચિંતનબેઠકો યોજાતી રહેશે. સંઘ પરિવારના નારાજ નેતાઓને પણ વિજયપ્રાપ્તિ માટે સાથે લેવાના વ્યૂહ ઘડાયા છે. મોદીવિરોધી ગણાતા સંજય જોશી ફરીને મોદીચાલીસા ભજવા માંડ્યા છે. વિશ્વ હિંદુ પરિષદના સુપ્રીમ ડૉ.પ્રવીણ તોગડિયાને પણ ચૂંટણીલક્ષી કવાયતોમાં સમાવીને મનાવી લેવાના વ્યૂહ ઘડાયા છે. કોઈપણ ભોગે ગુજરાતની ચૂંટણી જીતથી એ જ સંકલ્પ સાથે આગળ વધવાની તૈયારીઓ આદરવામાં આવી છે.

ગુજરાતના મુખ્યપ્રધાન પદના વરરાજા ઘણા છે. સત્તારૂઢ ભાજપમાં તો હોય એ સ્વાભાવિક છે, પણ કોંગ્રેસીનેતા શંકરસિંહ વાઘેલા રોજેરોજ ભાજપની કેન્દ્ર અને રાજ્યની સરકારને ભીંસમા લેતાં નિવેદનો કરીને 'હમ ભી પડે હૈ રાહો મેં' એ ન્યાયે કોંગ્રેસના વરરાજા હોવાની પ્રતીતિ કરાવે છે. જોકે હમણાં રાજકીય વર્તુળોમાં જે ચર્ચા હતી એને પગલે અમે શંકરસિંહ બાપુને સીધું જ પૂછી લીધું : 'બાપુ, ચૂંટણી પછી અમિત શાહ મુખ્યપ્રધાન અને મહેન્દ્રસિંહ (બાપુના ધારાસભ્ય પુત્ર) નાયબ મુખ્યપ્રધાન થાય એવી ચર્ચામાં વજૂદ કેટલું?' શંકરસિંહ વાતને માત્ર હસી કાઢે છે, પણ એ ગમે તે આસમાની સુલતાની કરવા સક્ષમ છે મુખ્ય મંત્રી પદના ઉમેદવાર જાહેર ના કરાય તો !

- haridesai@gmail.com

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
Kurl-on PU FOAM
SPRINGFIT
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651